


# श्री कृष्ण प्रणामी धर्म पत्रिका

हिन्दू धर्म रक्षक
महाराजा श्री छत्रसालजी
(जन्मजयंती पर विशेष)

वर्ष : ९३


जून २०२१

अंक : ६

श्री ५ नवतनपुरी धाम, जामनगर

www.krishnapranami.org

RNI NO. GUJBIL/2006/18311, Postal Reg.No.Jam/GJN-1/2020-21
Validity : Upto 31-12-2023, Date of Publication : 10th of Every Month, Date of Posting : 16th of Every Month
Subscription : Annual Rs.150/-, 15 Years Rs.1500/-, No. of Pages : 36







श्री ५ नवतनपुरी धाम संचालित श्री कृष्ण प्रणामी गौशाला, गौसेवा, गोसंवर्धन ।






श्री ५ नवतनपुरी धाममें सौर्य ऊर्जा उत्पादन ।

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

સંસ્થાપક : બ્રહ્મલીન આચાર્ય શ્રી ૧૦૮ ધનીદાસજી મહારાજ

વિ.સં ૨૦૭૭ નિજાનન્દાબ્દ : ૪૩૯ બુદ્ધજી શાકે : ૩૪૨

વર્ષ ૯૩ **જૂન ૨૦૨૧** અંક : ૦૬

મુદ્રક, પ્રકાશક તેમજ સ્વામિત્વ } જગદ્દ્ગુરુ આચાર્ય શ્રી ૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ

મુદ્રણ તેમજ પ્રકાશન સ્થળ } શ્રી ૫ નવતનપુરી ધામ- ખીજડા મંદિર જામનગર - ૩૬૧ 001 (ગુજરાત) ભારત

સંપાદક : શ્રી કનકરાય વ્યાસ
સ્વામી લક્ષ્મણદેવજી મહારાજ

સરનામું : શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા, શ્રી ૫ નવતનપુરી ધામ, ખીજડા મન્દિર
જામનગર - ૩૬૧ 001 (ગુજરાત)

ફોન : (૦૨૮૮)૨૬૭૨૮૨૯ મો : ૮૫૧૧૨૨૬૬૦૦

**E-mail : patrika@krishnapranami.org, navtanpuri@gmail.com**
**Website : www.krishnapranami.org / patrika**

## વ્રત - ઉત્સવ

| | | |
|---|---|---|
| તા. ૧૨-૭-૨૦૨૧ | સોમવાર | રથયાત્રા |
| તા. ૨૪-૭-૨૦૨૧ | શનિવાર | ગુરુ પૂર્ણિમા |
| તા. ૨૬,૨૭-૭-૨૧ | સોમ/મંગળ | ત્રીજ/ચોથના ઉપવાસ |
| તા. ૨૭-૭-૨૦૨૧ | મંગળવાર | શ્રી પ્રાણનાથજી અંતર્ધાન તિથિ |
| તા. ૨૮-૭-૨૦૨૧ | બુધવાર | વીતક કથા પ્રારંભ |
| તા. ૨૨-૮-૨૦૨૧ | રવિવાર | રક્ષાબંધન, મિલાપ તથા આચાર્યશ્રી ધર્મદાસજી મહારાજની પુણ્યતિથિ |
| તા. ૩૦-૮-૨૦૨૧ | સોમવાર | શ્રી કૃષ્ણ જન્માષ્ટમી |
| તા. ૩૧-૮-૨૦૩૧ | મગંળવાર | નંદમહોત્સવ |

# સેવા ધર્મ

## અનંતશ્રી વિભૂષિત જગદ્‌ગુરુ આચાર્ય શ્રી કૃષ્ણમણિજી મહારાજ

**ના કુછ સુધ સેવા સમાન, જો દિલ સનકૂલ કરે પહેચાન ॥**

સેવા સૌથી મહત્ત્વપૂર્ણ ભાવનાત્મક કાર્ય છે. પોતાના હૃદયને અનુકૂળ બનાવીને વિવેક સાથે કરેલ સેવા સર્વોપરી કહેવાશે. તેના સમાન સંસારમાં બીજી કોઈ સેવા નથી. અક્ષરાતીત પરમાત્મા શ્રી રાજજી તથા પોતાના ગુરુજનો પ્રતિ શ્રદ્ધા, વિશ્વાસ તથા ભક્તિ હોય તો દરેક કાર્ય સેવાનું રૂપ ધારણ કરશે. સાથોસાથ તેનાથી જે આનંદ પ્રાપ્ત થશે તેનું વર્ણન કરવું અસંભવ છે. આ જ કારણે શ્રી પ્રાણનાથજી વારંવાર કહે છે, **ચલે ચિત્ત પર હોય અધિન**. સ્વયંને સ્વછંદ ન સમજીને પરબ્રહ્મને પ્રસન્ન રાખવા માટે દરેક કાર્ય તેમને અનુરૂપ અથવા તેમના તરફ સમર્પિત ભાવથી કોઈ બીજી કામના વિના કરે તો વાસ્તવમાં સેવા સફળ થવાની.

સેવા અને ભક્તિ સમાન અર્થમાં છે. સામાન્ય અર્થમાં પરબ્રહ્મ પરમાત્મા અને ગુરુજનો તરફ વ્યક્ત કરેલ શ્રદ્ધા ભક્તિ કહેવાય છે. વિશ્વાસપૂર્વક કરવામાં આવેલ કાર્ય સેવા કહેવાય છે. ભક્તિ ભાવાત્મક હોવાથી તેનું જલદી દર્શન થતું નથી. પરંતુ સેવા ક્રિયાત્મક હોવાથી તે પ્રત્યક્ષ દેખાય છે. સેવાનો ઢંગ, ઉદ્દેશ્ય, માનસિક તલ્લીનતા વગેરેથી સેવકનો ભાવ નક્કી થાય. તેથી શાસ્ત્રો અને મહાપુરુષોનું કહેવું છે કે સેવા કઠિન કાર્ય છે. સેવા દેખાડવા નહીં પણ ભાવનાથી કરવી જોઈએ. શાસ્ત્રકાર તો ત્યાં સુધી કહે છે કે વર્ષો સુધી સાધના કરનાર યોગીજનો માટે પણ સેવાધર્મ દુષ્કર મહાન અને ગહન છે. યથા,

**સેવા ધર્મો પરમગહનો યોગિનામપ્યગમ્યઃ ॥**

પ્રાચીન સમયમાં ઘણી વ્યક્તિઓએ પોતાના ગુરુજોનોની, ગરીબ-દુઃખીઓની સેવા કરી અને ભાવના મુજબ તેઓને ફળ પણ મળ્યું. નારદ

ઋષિઓની સેવા કરી દાસીપુત્રમાંથી દેવર્ષિ બન્યા. બ્રહ્માજીએ માનસપુત્રના રૂપમાં તેમને સ્વીકાર્યો. હનુમાનજીએ પણ ભગવાન રામની આજીવન સેવા કરી. શ્રવણકુમારે માતાપિતાની સેવા કરી. યુધિષ્ઠિરે પ્રજાની સેવા કરી. ભક્ત પુંડરિકે માતાપિતાની સેવા કરી, ભગવાને તેમને દર્શન પણ આપ્યા. સેવાની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવી છે. આ સંદર્ભમાં શ્રી પ્રાણનાથજીનું કહેવું કંઈ વિશેષ મહત્ત્વ ધરાવે છે. તેઓ કહે છે, સેવામાં હૃદયને અનુકૂળ બનાવવા ઉપરાંત પરખની પણ જરૂરત છે. જેની સેવા કરવામાં આવે છે તેને તે જ રૂપમાં ઓળખવા અતિ જરૂરી છે.

તાત્પર્ય એ છે કે માતા-પિતાની સેવાને સંતાન પોતાનું કર્તવ્ય સમજે. કર્તવ્યથી વિમુખ થવું તે પોતાની પ્રગતિમાં અવરોધ કરવો છે. ગુરુની સેવા પણ આપણું કર્તવ્ય જ છે. માતા-પિતા તરફથી પાલન પોષણ મળ્યું, સંરક્ષણ મળ્યું, જીવનની શરૂઆત મળી. ગુરુ તરફથી જીવનની નવી દિશા મળી. માટે તેમના તરફનું કર્તવ્ય ભાવપૂર્ણ હોવું જોઈએ. મનુષ્ય સામાજિક પ્રાણી હોવાથી જે પરિવાર સમાજમાં તેનો જન્મ થયો હોય તેના તરફ પણ તેનું કર્તવ્ય હોય છે. કર્તવ્યમાં જાગૃતતા એ મહાપુરુષોનું લક્ષણ છે. પરંતુ દરેક કર્તવ્યપાલન સમજપૂર્વક થવું જોઈએ. જેથી કર્તવ્યમાં સંતુલન જળવાઈ રહે.

મનુષ્ય જીવન પ્રાપ્ત કર્યા બાદ સૌથી પ્રથમ કર્તવ્ય એ છે કે મનુષ્ય પોતાના આત્માને ઓળખે અને પરબ્રહ્મ પરમાત્મા સાથેના સંબંધને પણ. શ્રી પ્રાણનાથજી આત્મજાગૃતિને પ્રાથમિક મહત્ત્વ આપે છે. જાગૃતિ પછી જ કર્તવ્ય અકર્તવ્યની પરખ થાય છે. જાગૃતિ પછીનું દરેક કાર્ય શુભ હશે. દરેક પ્રભાત નવું હશે. પ્રતિપલ પ્રેમ વધશે. હું અને મારું જતું રહેશે. જીવનમાં નવો પ્રકાશ પૂંજ ફેલાશે.

શ્રી પ્રાણનાથજીએ તારતમજ્ઞાનથી સુંદરસાથની ચેતનાને જગાવી તેનો પરમધામ સાથે મૂળ સંબંધ શું છે તેનો પરિચય કરાવ્યો. તે સમયે હજારો સુંદરસાથ શ્રી પ્રાણનાથજી પ્રતિ ન્યોછાવર હતા. જાગૃત થયા પછી

તેમણે પોતાનું જીવન બીજાને જાગૃત કરવામાં વ્યતીત કર્યું. તેને ધન દોલતનો લોભ કે માન પ્રતિષ્ઠાની એષણા ન હતી. કાનજીભાઈને લાગ્યું કે મારા દેહ સમર્પણથી સુંદરસાથ જાગૃત થશે, એ મારું સૌભાગ્ય છે. તેથી જ તે જૂનાગઢથી અમદાવાદ પહોંચ્યા અને કારાગૃહમાં જઈ શ્રી પ્રાણનાથજીને બહાર મોકલ્યા. વાસ્તવમાં આથી મહત્ત્વપૂર્ણ સેવા બીજી કોઈ નહીં હોય. જેને પોતાની ચિંતા નથી બીજાની છે, તે પણ આત્મજાગૃતિ માટેની ચિંતા છે. તેનાથી મહાન કોઈક જ વિરલા હશે. દધીચિ ઋષિએ દેવતાઓના વિજય માટે પોતાનું શરીર સમર્પિત કર્યું હતું. રાજા રન્તિદેવે બીજાઓના માટે પોતાના પ્રાણની બાજી લગાવી હતી. પરંતુ કાનજીભાઈનું સમર્પણ બીજાઓના આત્માને પરમધામમાં જાગૃત કરવાનું હતું માટે તે સર્વોપરિ છે.

આ જ પરંપરામાં આપણે સહુ સુંદરસાથ છીએ પણ તફાવત એટલો છે કે આપણે આપણી સુવિધા પૂર્ણ કરીને પછી બીજાનો ખ્યાલ કરીએ છીએ જ્યારે એ લોકો બીજાની સુવિધાને જ પોતાની સુવિધા સમજતા હતા. સુંદરસાથની સેવા પણ આપણે પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે કરવા માંગીએ છીએ. શું આપણા પૂર્વજ આપણા એવા કાર્યોથી પ્રસન્ન થશે ? સુંદરસાથની સેવાની વાત તો દૂર રહી આજે શ્રી રાજજીની સેવા પણ પોતાની પ્રતિષ્ઠા પર આધારિત બને છે. છતાં આપણે સુંદરસાથ કહેવડાવીએ છીએ. પરિવારમાં તો ઝઘડીએ છીએ પરંતુ હવે ધાર્મિક ક્ષેત્રોમાં, મંદિરોમાં પણ ઝઘડા ચાલુ કરવા માંડયા છીએ. આપણને શ્રદ્ધા છે પણ પોતાની પ્રતિષ્ઠા અને સંપત્તિ પર, વિશ્વાસ છે ક્ષણિક શરીર અને સંપત્તિ પર, જેથી શ્રી રાજજીથી આપણે ખૂબ દૂર નીકળી ગયા. બીજા સ્થાળોએ જઈશું તો પૈસા પણ વધુ ખર્ચશું. સુવિધા પણ નહીં માંગીએ. ધક્કા ભીંસ સહન કરી લેશું. આપણા ધામ-મંદિરોમાં આ કેમ ને સંભવ છે ? આપણને પ્રતિષ્ઠા જોઈએ. સુવિધા જોઈએ બીજા લોકો આપણી સેવા કરે તેની અપેક્ષા સેવીએ. કારણ કે આ તો આપણું ધામ છે ને ! આમાં આપણો હક્ક છે. પોતાનો

હક્ક તો બીજા પાસેથી લેવાય છે. તેમાં દેવાની વાત ક્યાં આવી ? કહેવામાં તો સુંદરસાથ ધામનો સંબંધી છે. તે પણ એવું ધામ જ્યાં પ્રેમ જ પ્રેમ હોય એ પરમધામ, સ્વર્ગ કે વૈકુંઠ નહીં, પણ વ્યવહાર તરફ કેવી દૃષ્ટિ રાખવી ? મસ્તક નમાવવું તો અમે ભૂલી ગયા. મસ્તક પણ કંઈ લાભ મળે તો નમાવવું. આપણે સુંદરસાથ છીએ માટે ઉચિત કે અનુચિતના માપદંડ પણ પોતાની અનુકૂળતા અને પ્રતિકૂળતાના આધાર પર તૈયાર કરીએ છીએ. ભલે આપણા બચ્ચાં આપણું ન માનતા હોય પરંતુ ધામો તીર્થોનો વહિવટ અમારા હાથમાં હોવો જોઈએ.

સુંદરસાથજી ! આ આપણું સુંદરસાથપણું સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી મહારાજ તથા મહામતિશ્રી પ્રાણનાથજી દ્વારા બતાવ્યા મુજબ નથી. જે માટે તેમણે આંસુ સાર્યા તેનું મહત્ત્વ આપણે સમજ્યા જ નથી. આમ તો શ્રી પ્રાણનાથજીએ વાણીમાં સ્પષ્ટ કરી જ દીધું છે, **દૂધ તો દેખ્યા નહીં, દેખ્યા ઉપર કા ફેન ।** શ્રી પ્રાણનાથના નિર્દેશન મુજબ ચાલીએ તો સંપૂર્ણ વિશ્વને શાંતિનો અનુભવ થઈ શકે એમ છે પરંતુ તેમના પોતાના અનુયાયીઓને જ અશાંતિ રહે તો તેમાં કોનો દોષ ? જાગૃતિ તો કર્તવ્યમાં હોવી જોઈએ. જાગૃત વ્યક્તિ સ્વયં કર્તવ્ય પરાયણ હોય છે.

મંદિરોમાં રોજ જવાથી આપણું કર્તવ્ય પૂર્ણ થઈ જાય છે એવું નથી. શ્રી રાજજીને પ્રણામ કર્યાં, તેથી બધું થઈ ગયું એવું નથી, વાણીની કેટલીક ચોપાઈ વાંચી તેથી આપણે ધન્ય થઈ જતા નથી. કંઈ સમજવાની પણ જરૂરત હોય છે. શ્રી પ્રાણનાથજીએ શું કહ્યું છે ? શું મંદિરમાં જઈ પ્રણામ કરતાં તેનો વિચાર કર્યો ? શું એ સમયે આપણું ધ્યાન શ્રી રાજજીના શ્રી ચરણોમાં હતું ? એ વિચાર કરો અમે ત્યાં જઈને સુંદરસાથની શું સેવા કરી ? આપણે પ્રભાતિયાં ગાઈએ છીએ.

**મૈં વર માંગૂ શ્રી ધામધનીજીસોં, મૈં વર માંગૂં ધામ ।**
**સેવા સાથ શરણ સદ્‌ગુરુ કો, સુમિરન કો નિજનામ ॥**

આ વ્યવહારમાં કેટલું ઉતાર્યું ! એ મહત્ત્વનું નથી કે આપણે સુંદરસાથ બની ગયા. કંઠી બાંધી લીધી. મહત્ત્વ તેનું છે કે આપણે સુંદરસાથના રૂપમાં જીવતાં શીખીએ અને જીવીએ પણ.

શારીરિક સેવા કરી હોય તો જુદી વાત પણ ધનની સેવામાં પણ પહેલાં નામ જોઈએ. જ્યારે નામ અને રૂપ બંને મટી જશે પછી શી સ્થિતિ થશે ? આ માટે કદી વિચાર્યું ? સેવા તન, મન અને ધન ત્રણેથી થાય છે. સેવા એ જ કહેવાય જે ભાવાનાથી થઈ હોય. દાન દઈને આપણે વિચારીએ છીએ કે બીજા પર ઉપકાર કરીએ છીએ. સાથોસાથ એ પણ વિચારવું જોઈએ કે આપણું શું થયું ? આપણા કુવિચાર દૂર થયા હોય, અંદરથી આપણને ખુશી થતી હોય, આપણા પરિવારમાં બાળકોમાં સારા સંસ્કાર ઉત્પન્ન થયા હોય, તો આપણું દાન સફળ છે. વાસ્તવમાં પરિવારના સંસ્કાર માટે દાન આપવાનું હોય છે. દાન આપીને પોતાનું નામ રાખવામાં કંઈ વાંધો નથી પણ તેનાથી બીજાને પ્રેરણા મળશે તેવો ઉદ્દેશ્ય હોવો જોઈએ. માત્ર સંપત્તિ પ્રદર્શન કે અહમ્‌ની તૃપ્તિ માટે આપણે આપીએ તો તે દાન દાન ન કહેવાય. બીજા લોકો આપણને ધાર્મિક કહે, ભક્ત કહે, એટલા માટે આપણે ધાર્મિક બનતા હોઈએ અને દીક્ષા લેતા હોઈએ તો તે આત્મવંચના છે. એ જ રીતે માત્ર અહમ્‌ની પુષ્ટિ માટે જે કંઈ આપતા હોઈએ તો તે પણ આત્મવંચના છે. સેવા તે જ કહેવાય જેમાં આપણો અહમ્ કંઈ ન હોય, પૂર્ણતઃ સમર્પણ ભાવ હોય. જેની સેવા કરવામાં આવતી હોય તેની પ્રસન્નતા માટે હોય ભલે તે સેવા શ્રમથી હોય, ધનથી હોય કે મનથી હોય. સેવા સેવા જ છે. તન, મન કે ધન તો સાધન છે. સેવા આપની ભાવના પર આધારિત છે. માટે શ્રી પ્રાણનાથજી કહે છે,

**જિન સુધ સેવા કી નહીં ના કછુ સમજે બાત ।**

સેવાની ભાવના ન હોય તો કંઈ સમજાય પણ નહીં. ભાવના વિના સમજ ક્યાં ? હિમાલયમાં જઈને તપસ્યા કરવી પણ એટલી કઠિન નથી. કારણ કે ત્યાં તો શરીરને જ કષ્ટ અપાય છે. આ કાર્ય મુશ્કેલ દેખાય

છે તેટલું મુશ્કેલ નથી. દરેક પરિસ્થિતિને મનોનુકૂળ બનાવીને ચાલવું તે કઠિન છે. વાસ્તવમાં તેને જ તપ કહેવામાં આવે છે. આ દુઃખને-તપને શ્રી પ્રાણનાથજીએ વારંવાર યાદ કર્યું છે, સ્વીકાર્યું છે, તેની પ્રશંસા કરી છે. કોઈપણ કાર્ય પોતે ઠીક કે ખોટું નથી હોતું. આ કામ કરનાર વ્યક્તિની ભાવના કેવી છે ? તેના પર કાર્યનું મૂલ્યાંકન થાય છે. માટે જ સેવાને યોગિઓ માટે પણ અગમ્ય માનવામાં આવેલ છે. કારણ કે સેવામાં ભાવના હોય છે.

આપણે બીજાની સેવા શરીરથી કરતા હોઈએ, મનથી કરતા હોઈએ કે ધનથી એ આપણું કર્તવ્ય છે. તેનાથી મનને સંતોષ મળે છે. આપણને પ્રસન્નતા થાય છે, આપણા પરિવાર, બાળકોમાં સંસ્કાર પેદા થાય છે. તેની ભાવના જાગૃત થઈ રહી છે. સાથો સાથ આપણા એ કાર્યથી અન્ય લોકોને પ્રેરણા પણ મળી રહી છે જેથી બીજા પણ પોતાની ક્ષમતા અનુસાર કશું કરશે. જેનાથી આપણો વિકાસ થશે. દેશની ઉન્નતિ થશે. ધર્મનો પ્રચાર થશે. વિશ્વમાં શાંતિ ફેલાશે. આપણી સારી ધારણા, સારો વ્યવહાર, સારા વિચાર વિશ્વ માટે કલ્યાણદાયી સિદ્ધ થશે.

આપણે પરમ તત્ત્વની કંઈ અનુભૂતિ થઈ હોય, પરમાત્માની ઝલક મળી ગઈ હોય, શ્રી રાજજીની કૃપા થઈ હોય, આપણે કંઈ જાણી લીધું હોય તો આપણે અવશ્ય એ સુખને વહેંચીને બીજાને પણ સુખી બનાવીએ. સુંદરસાથ હોવાને લીધે આપણી સાચી સેવા આ જ છે, શ્રી પ્રાણનાથજીએ આપણે સમજાવ્યું છે,

**એ સુખ દેઊ બ્રહ્મસૃષ્ટિ કો, તો મૈં અંગના નાર.**

# પરમધામની ચિતવની

**શ્રી અમૃતરાજ મહારાજ - કાઠમાડૌં(નેપાલ)**

આપણે સૌ આ ધરતી ઉપર બેઠા છીએ. એક દિવસ આ ધરતી અને આપણું શરીર છોડીને આત્મા ઉપર જશે. તે કરતાં પેલાં જ આપણે આપણા આત્માના ધામ વિશે જાણી લેવું જોઈએ. આ શરીરમાંથી આત્મા અને મનને પરમાત્માના ધામ તરફ લઈ જઈએ. આ પૃથ્વીથી ઉપર પિતૃલોક આવે છે. પિતૃલોકથી ઉપર સ્વર્ગલોક જેમાં ઇન્દ્ર વગેરે દેવતાઓ રહે છે. એનાથી આગળ મહરલોક જ્યાં ધર્મરાજ નિવાસ કરે છે. ત્યાંથી પણ આગળ આત્મા અને મનને લઈ જઈએ તો જનલોક, તપલોક અને સતલોક આવે છે. સતલોકની અંદર ત્રણ ધામો છે. જ્યાં મહાદેવજી રહે છે તેને કૈલાશધામ, બ્રહ્માજી રહે છે તેને બ્રહ્મધામ કે બ્રહ્મપુર અને જ્યાં ભગવાન વિષ્ણુ રહે છે એને વૈકુંઠધામ કહેવામાં આવે છે. એ દિવ્ય અને અનેક સુખ સમૃદ્ધિઓથી ભરપૂર છે. આ બધાયને ભોગ ભૂમિ કહેવામાં આવે છે. વૈકુંઠ ધામનું અવલોકન કરતાં કરતાં આપણે આત્મા અને મનને આગળ લઈ જઈએ તો ત્યાં અષ્ટાવરણ(આઠ આવરણ) દૃષ્ટિ ગોચર થાય છે. એનાથી ઉપર દૈદીપ્યમાન જ્યોતિ સ્વરૂપ ગાયત્રી માતાનું ધામ છે. એનાથી આગળ આત્માને લઈ જઈએ તો ત્યાં મોહતત્ત્વ, સાત શૂન્ય અને આદિનારાયણ ભગવાનનું દર્શન થાય છે. આ દિવ્ય ધામોના દર્શન કરતાં કરતાં આત્માને હજી આગળ વધારીએ તો ત્યાં મહાશૂન્ય નિરાકારનો ફેલાવો ચારેબાજુ દેખાય છે. અહીંયાં સુધી મનની ગતિ છે. હવે આગળ માત્ર આત્મા જાય છે.

આ નિરાકારથી આપણા આત્માની પરમજ્યોતિને આગળ વધારીએ તો ચતુષ્પાદ વિભૂતિ અક્ષર બ્રહ્મના અહંકાર સ્વરૂપ અવ્યાકૃત બ્રહ્મનું અવિનાશી ધામ આવે છે. એની દિવ્યતાને જોઈને આત્મા હજી

આગળ જાય તો અક્ષર બ્રહ્મના ચિદ્ સ્વરૂપ સબલિક બ્રહ્મ અખંડ ગોલોકધામનું દર્શન થાય છે. એનાથી આગળ કેવલબ્રહ્મ એ અક્ષરની બુદ્ધિ સ્વરૂપ છે. એનાથી આગળ સત્ સ્વરૂપ બ્રહ્મનું ધામ છે. એ અક્ષર બ્રહ્મના મન સ્વરૂપ છે. એ પછી કૂટસ્થ અક્ષર બ્રહ્મનું અખંડ અવિનાશી ધામ આવે છે. એ અવિનાશી ધામથી પાર પૂર્ણબ્રહ્મ પરમાત્મા અક્ષરાતીત શ્રી કૃષ્ણજી શ્રી રાજજી મહારાજનું અલૌકિક અખંડ અવિનાશી ધામ છે જેને પરમધામ કહેવામાં આવે છે. એ પચ્ચીસ પક્ષ પરમધામથી ઓળખાય છે. જે નીચેની ચોપાઈથી સ્પષ્ટ થાય છે,

**ધામ તલાવ કુંજ વન સોહે, માનિક નહેર વન કી સોહે ।**
**પશ્ચિમ ચોગાન બડો વન કહીએ, પુખરાજી જમનાજી લહીએ ।।**
**આઠ સાગર આઠ જિમી કે, એ પચ્ચીસ પક્ષ શ્રી ધામધણી કે ।।**

આ પચ્ચીસ પક્ષની મધ્યમાં રંગમહલ આવેલ છે. જેમાં નવભોમ અને દશમી ભોમમાં આકાશી છે. આ રંગમહલની અંદર પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજી મહારાજ અને એમની અભિન્ન અંગનાઓ સખીઓ રહે છે. એ રંગમહલ આપણું મૂળ મંદિર છે. એ સાત પરિક્રમાની અંદર આવેલ છે.

બહારથી આપણે પરિક્રમા કરીશું તો સર્વ પ્રથમ બડી રાંગ આવે છે. બડીરાંગમાં આઠ સાગરો(નૂર, નીર, ક્ષીર, દધી, ઘૃત, મધુ, રસ અને સર્વરસ) આવેલ છે. બે સાગરોની વચ્ચે જમીન આવેલ છે. આ બધાને બડી રાંગ કહે છે. આ થઈ પહેલી પરિક્રમા.

હવે બીજી પરિક્રમા તરફ આગળ વધીએ તેમાં ચાર હવેલી છે જેને છોટી રાંગ પણ કહે છે. ત્રીજી પરિક્રમામાં વનની નહેર છે. ચોથી પરિક્રમામાં માણેક પહાડ, પાંચમી પરિક્રમામાં જવેરોની નહેર છે. પાંચમી પરિક્રમા કરીને આપણે આગળ વધીશું તો જમના નદી તેમાં સાત ઘાટ (કેળ, લીંબોઈ, અનાર, અમૃત, નારંગી, જાંબુ તથા વટ) છે.

કુંજ-નિકુંજ વન, હોજ કોસર તળાવ, પશ્ચિમનું ચોગાન, બડોવન, મધુવન, મહાવન, પુખરાજ પહાડ, જમનાજી આ બધાનું અનુપમ અલૌકિક દૃશ્ય જોઈને આપણે છઠ્ઠી પરિક્રમા પૂરી કરી. હવે સાતમી પરિક્રમા રંગમહેલની આગળ પૂર્વમાં ચાંદની ચોક, પૂર્વથી દક્ષિણ બાજુ વટપીપલની ચોકી, પશ્ચિમ બાજુ ફૂલબાગ, નૂરબાગ, અન્નવન વગેરે ઉત્તરની તરફ લાલ ચબૂતરા તાડવન થઈને ચાંદની ચોકમાં આવીએ છીએ.

હવે ચાંદની ચોકમાં પશ્ચિમ તરફ ઊભા રહી જોઈએ તો વિશાળ દૈદિપ્યમાન રંગમહલ જોવામાં આવે છે. રંગમહલની અંદર સો પગથિયાં ચઢીને પ્રવેશ કરવા જઈએ તો વિશાળ રત્નોથી જડેલો એક મૂળ દરવાજો જોવામાં આવે છે. પ્રવેશ કરતાં અઠ્ઠાવીસ થંભોનો એક ચોક આવે છે. એથી આગળ વધીએ તો ચાર ચોરસ હવેલીઓ દેખાય છે. એમાંથી જે પ્રથમ હવેલી છે, તેને રસોઈની હવેલી કહે છે. તેમાં પ્રવેશ કરીએ તો ઉત્તર તરફની દિવાલના ઈશાન ખૂણામાં શ્યામ અને શ્વેત રંગના બે મંદિરો છે. તેની ઉપર જવા માટે વિશાળ સીડી છે. ત્યાં ૧૧૦ મંદિરોની ૧૧૦ હારો આવેલી છે. જેની દિવાલ થાંભલાઓ છત વગેરે અલૌકિક કાંગરીથી બનેલા છે. અહીં આપણા લાખો પ્રતિબિંબ પડે છે. ત્યાં આપણે આપણા પ્રતિબિંબથી પોતાની જાતને પણ ભૂલી જઈએ છીએ કેમ કે તે પ્રતિબિંબ પણ ચેતન છે.

ત્યાંથી આગળ વધીએ તો ત્રીજી ભોમ આવે છે. ત્રીજી ભોમની વિશેષતા એ છે કે અહીં શ્રી રાજ શ્યામાજી સવારે ભોજન ગ્રહણ કરે છે. શ્રી રાજજીને ભોજન તો શું કરવાનું હોય પણ આપણે ભાવના એવી રાખવી. શ્રી રાજજી મહારાજને સિનગાર પણ સખીઓ અહીં કરાવે છે. તેમજ ત્રીજી ભોમના ઝરૂખામાંથી શ્રી રાજજી મહારાજ અક્ષરબ્રહ્મ, પશુ પંખીઓ સર્વેને અહીંથી દર્શન આપે છે.

આ સર્વે અલૌકિક દર્શન અને દૃશ્યો નિહાળી આપણે હવે ચોથી ભોમમાં પ્રવેશ કરીએ. અહીં નૃત્યશાળા આવેલી છે. સખીઓ પોતપોતાના

જૂથમાં ઉપસ્થિત થઈ શ્રી રાજજીના ગુણગાન કરતાં નૃત્યોની લીલા કરે છે. અહીંથી આપણે પાંચમી ભોમમાં પ્રવેશ કરીએ તો શ્રી રાજશ્યામાજીનું રંગપરવાળી મંદિર અને તેમની સુખ સેજ્યાનું દર્શન થશે. ચારે બાજુ બાર હજાર હવેલીઓ છે. જેમાં સખીઓ પોઢે છે. એ સર્વેના દર્શન કરીને છઠ્ઠી ભોમમાં પ્રવેશીએ. અહીં ચૈતન્યમય સુખપાલો (વિમાનો) છે. આ સુખપાલોમાં બેસી શ્રી રાજજી શ્યામાજી પરમધામમાં વિહાર કરે છે. સાતમી ભોમમાં બે તાળી પડે તેવા હીંડોળા છે અને આઠમી ભોમમાં ચાર તાળી પડે તેવા હીંડોળા છે. અહીં શ્રી રાજ શ્યામાજી સખીઓ હિંડોળા ઉપર હીંચકવાનો આનંદ માણે છે. તેના દર્શન કરી અને નવમી ભોમમાં પ્રવેશ કરીએ. અહી દૈદિપ્યમાન રત્નજડિત સિંહાસન ઉપર શ્રી રાજશ્યામાજી બિરાજીને સખીઓને પચ્ચીસ પક્ષ પરમધામનું અવલોકન કરાવે છે. અહીં આપણે દર્શન કરી દશમી અગાશીમાં જઈએ. અહીં સુંદર બાગ બગીચા, ચહેબચ્ચા(પાણીના કુંડ), ફુવારા અને દહેલાનોના દર્શન કરીને પાછા આપણે નીચે ઉતરીએ ત્યારે નવમી, આઠમી, સાતમી, છઠ્ઠી, પાંચમી, ચોથી, ત્રીજી, બીજી ભોમ વગેરેનાં પુનઃ દર્શન કરી પ્રથમ ભોમમાં રસોઈની હવેલીમાં આવીએ કે જ્યાંથી આપણે પ્રવેશ કર્યો હતો.

રસોઈની હવેલીથી પશ્ચિમ તરફ આવી જ ત્રણ ચોરસ હવેલીઓ આવે છે તેને પાર કરીને આપણે આગળ વધીએ તો આગળ એક ગોળ હવેલી આવે છે જેને આપણે મૂલ મિલાવા કહીએ છીએ, આ હવેલીની મધ્યમાં કમ્મર સુધીની ઊંચાઈવાળો એક ગોળ ચબૂતરો આવેલો છે. તેની ચારે બાજુ ૬૪ થંભ અને ચાર દરવાજા છે. આ થંભો હીરા, માણેક, પોખરાજ, મોતી વગેરે રત્નોના છે. ચબૂતરાની વચ્ચે અનેક રત્નોથી બનેલું અલૌકિક સિંહાસન છે.

એ સિંહાસન ઉપર જુગલ જોડી પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજી અને શ્રી શ્યામાજી બિરાજમાન છે. ચારે બાજુ ત્રણ લાઈનમાં બાર

હજાર સખીઓ બેઠી છે. હવે આપણો આત્મા અને મન ત્યાં પહોંચી ગયા છે. ત્યાં જઈ શ્રી રાજજીના ચરણોમાં આપણે પ્રાર્થના કરીએ હે રાજજી મહારાજ ! મને આપનાથી વિખૂટી કરી માયાના ખેલમાં મોકલી છે. એ માયાથી હું ધરાઈ ગઈ છું એમાં સુખ શાંતિ અને આનંદ લેશ માત્ર નથી. હવે હે ધણી ! મને આપના શ્રી ચરણોમાં સદાને માટે સ્થાન આપો. હવે હું આપના ચરણથી પલભર માટે પણ અલગ થવા નથી ઇચ્છતી(પ્રાર્થના પોતાની રીતે અંતઃકરણથી કરવી જોઈએ.)

---

# એક આતમ ધની પહેચાનિયે !

હે પરમાત્મા !

**આટલામાં ક્યાંય તમે હશો તેની મને ખબર નહિ,**

**તમે મારા હૃદયમાં બેઠેલા છો, ને હું તો બહાર શોધું છું ક્યારેનોય**

(કવિ નિરંજન ભટ્ટ.)

**એક આતમ ધની પહેચાનિયે, નિર્મલ એહી ઉપાય ।**
**મહામતિ કહે સમજ ધની કો, ગ્રહીઓ સો પ્રેમ પાય ।।**

\+ + + + +

**પાંચ મળીને કાયા પર કી, તે માંહે જીવ સમાણો ।**
**સ્થાવર જંગમ સકલ વ્યાપક, એણી પેરે પથરાણો ।।**

અહીં અહમ્‌માંથી સોહમ્ તરફ ગતિ અને વિચાર શીલતાનો ઉદ્દેશ્ય છે. સાત સમંદર પાર પાડી આઠમા સમંદરમાં પ્રવેશની વાત છે. વેદાંત કહે છે પ્રતિબિંબ અનેક હોય પણ બિંબ તો એક જ હોય.

સાધ્ય પરમાત્માનો સોહમ્ ખ્યાલ વૈદિક દર્શન છે. આત્મ જ્યોતિ પ્રકાશમાં ઉપર ઊઠીને અમૃતત્ત્વ પામવાનો સંકલ્પ કરવો જોઈએ.

**- ધામવાસી ડૉ. મહેન્દ્ર રાવલ - જામનગર**

# ધર્મનું દિવ્ય રૂપ

**સ્વામી શ્રી લક્ષ્મણદેવજી મહારાજ**

ધર્મ એક વ્યાપક શબ્દ છે. બે અક્ષરોથી નિર્મિત ધર્મ શબ્દને સાંભળતા જ માનવ હૃદય પ્રફુલ્લિત થઈ જાય છે. 'ધૃ' ધાતુથી બનેલો આ શબ્દ ધારણ, પોષણ તથા મહત્ત્વના અર્થમાં પ્રયોજાય છે. 'ધારણાત્ ધર્મ' અર્થાત્ જે ધારણ કરવામાં આવે તે ધર્મ છે. જે હૃદયાકાશમાં ફેલાઈ જાય, જેને ગ્રહણ કરી અમારું અંતર હૃદય પ્રસન્નતાના સૂરથી ઝંકૃત થાય એ ધર્મ છે. ધર્મની વ્યાખ્યા કરતાં વિદુરજીએ કહ્યું છે,

**ન તત્ પરસ્ય સંદધ્યાત્ પ્રતિકૂલં યદાત્મનઃ ।**
**સંગ્રહણેષ ધર્મઃ સ્યાત્ કામાદન્ય પ્રવર્તતે ॥**

સ્વયંને જે પ્રતિકૂળ લાગે છે, એવો વ્યવહાર બીજાઓ તરફ કરવો નહીં એ જ ધર્મનું સ્વરૂપ છે. **" યતોઽભ્યુદય નિઃશ્રેય સઃ સિદ્ધિ સઃ ધર્મ"** અર્થાત્ જ્યાં અભ્યુદય થાય, જ્યાં સામાજિક ઉન્નતિ થાય, જેનાથી સમાજનું કલ્યાણ થાય એ જ ધર્મ છે. ધર્મની પરિભાષા સર્વ વિદ્વાનોએ જુદી જુદી રીતે કરેલ છે.

આજે સંસારમાં વિવિધ ધર્મ પ્રચલિત છે. તેમના અનુયાયી તથા તેમની રહેણી કરણી રીત રિવાજ પણ વિવિધ જોવા મળે છે. કેટલાક યજ્ઞ યજ્ઞાદિકને ધર્મ માને છે. કોઈ જ્ઞાન-ધ્યાનને તો કોઈ સંયમ નિયમને ધર્મ માને છે. કેટલાક સેવાપૂજા, ભજન-કીર્તન વગેરેને જ મુખ્ય ધર્મ બતાવે છે. કેટલાક મસ્જિદમાં જઈ નમાજ અદા કરવી તથા હજ કરવી તેને ધર્મ માને છે. તો કોઈ મન્દિર, ગીરજાઘર ઈત્યાદિ સ્થળોમાં જઈ પ્રાર્થના કરવી આ રીતે અલગ અલગ નીતિ નિયમોને ધર્મ માની એકબીજાના સિદ્ધાંતોથી પરેજ રાખે છે. દરેક પોતાના જ નીતિ નિયમને મુખ્ય કહીને અન્ય મતને હલકો બતાવે છે.

વાસ્તવમાં સંપૂર્ણ નીતિ નિયમ, આચાર વિચાર તો ધર્મના લક્ષણ માત્ર છે નહીં કે સ્વયં ધર્મ. ધર્મનું સ્વરૂપ વ્યાપક છે અને તે વ્યાવહારિક છે. કહેવાતા ધર્મના ચાર દિવાલોથી બહાર આવીને જુવો તો જ સાચા ધર્મનાં દિવ્ય રૂપનું દર્શન થશે. વાસ્તવમાં આજે દુનિયામાં જેટલા પણ ધર્મ પ્રચલિત છે, ખરેખર તેઓ બધા ધર્મના અંગો માત્ર છે. તે બધામાં વ્યાપ કતા અને વિશાળતા તો છે, પરંતુ તે સાચી વસ્તુઓ પર અમારી દૃષ્ટિ જતી નથી. કેટલીક સંકીર્ણતાઓએ તેને ઘેરી રાખી છે એ છે ધાર્મિક સંકુચિતતા. અમે ધર્મરૂપી અનંતાકાશને એક ઓરડામાં સીમિત કરવા ઈચ્છીએ છીએ. ધર્મ એક વિશાળ ચોક છે જ્યાં સર્વસમાજ નિવાસ કરી શકે છે. પણ તે વિશાળ ચોકને અમોએ ચારેય બાજુથી દિવાલ બનાવી એક તુચ્છ આંગણું બનાવી દીધું, તેમાં મમત્વ જગાવી બેસી ગયા અને એને પોતાનું આંગણું માનવા લાગ્યા.

આજે એક બીજા ધર્મના અનુયાયીઓ એક બીજાના ધાર્મિક સ્થળ તથા પૂજા સ્થળથી અંતર રાખે છે. અન્યના વેશભૂષા તથા ઉપાસના પદ્ધતિને જોઈ ઘૃણા કરવામાં આવે છે. તે કારણે સમાજ આજે જોડવાના બદલે ટૂટતો દેખાય છે. સમાજની આવી સ્થિતિનું દિગ્દર્શન કરતાં શ્રી પ્રાણનાથજી કહે છે,

**હિન્દુ કહે હમ ઉત્તમ, મુસલમાન કહે હમ પાક ।**
**દોનો મુઠ્ઠી એક ઠૌર કી, એક રાખ દૂજી ખાક ॥**

(સનંધ ૪૦/૪૨)

ધર્મના અનુયાયીઓ પોતાને ઉત્તમ તથા પવિત્ર માને છે, પરંતુ મહામતિ શ્રી પ્રાણનાથજીનું દિવ્ય જ્ઞાન કહે છે આપણે આપસમાં જેટલાં પણ દ્વન્દ્વ કરીએ છતાય આપણા બધાનું અસ્તિત્વ એક સમાન છે. કારણ કે કોઈને અવસાન પછી દફનાવવામાં આવે છે તો કોઈનો અગ્નિસંકાર થાય છે, પરંતુ બંને રાખ અને માટી બની જાય છે. ફક્ત બંનેના રીતરિવાજ અલગ છે. ખરેખર, અહીં કોણ કોનાથી ઉત્તમ છે ? કોણ કોનાથી હલકા

છે ? એ સમજીને આપસમાં જે વેર ભાવના છે તેનો ત્યાગ કરવો તથા આપસમાં મિત્રતાની ભાવના પેદા કરવાથી જ અમારું કલ્યાણ થશે.

ખરેખર, આપણે બધા માનવમાત્ર એક પરિવાર છીએ "વસુધૈવ કુટુંબકમ્" અમે એક જ છીએ. જેમ સુસંસ્કૃત પરિવારમાં એક બીજા પ્રત્યે પ્રેમ, સહાનુભૂતિ, દયા વગેરે ભાવ રહે છે, એવા જ ભાવ માનવ માત્ર (વિશ્વકુટુંબ) ની સાથે થઈ જાય એ જ વાસ્તવિક ધર્મ છે. તેથી વિશ્વમાં શાંતિ છવાઈ જશે. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, વગેરે ધર્મની કલ્યાણકારી ભાવના અને વાસ્તવિક સ્વરૂપ છે. જેમાં પ્રેમ, સદ્ભાવના અને આત્મીયતાની સુગંધી છે.

ભગવાન કૃષ્ણ, રામ, બુદ્ધ, મહાવીર, મહામતિ શ્રી પ્રાણનાથ, હજરત મહંમદ તથા ઈશુ ખ્રિસ્તએ જે જ્ઞાન આપ્યું, જે માર્ગદર્શન બતાવ્યું તે એક જાતિ એકદેશીય અને એક પક્ષીય માર્ગદર્શન ન હતું. તે માર્ગદર્શન તો વિશ્વના સર્વ માનવમાત્રને વાસ્તવિક તત્ત્વનો યથાર્થ અનુભવ કરાવવા માટે છે, પરંતુ તે સર્વ મહાપુરુષોની દિવ્ય ભાવનાઓની તરફ અમારી દૃષ્ટિ ન જવાથી અમે બધા ધાર્મિક ખાઈમાં ડૂબી ગયા છીએ. મહામતિજી અમોને માર્ગદર્શન આપે છે,

**જુદે જુદે નામે ગાવહીં, જુદે જુદે ભેષ અનેક ।**
**જિન કોઈ ઝગડો આપમેં, ધની સબોંકા એક ॥**

હે માનવ ! એક હોવા છતાં પણ અનેક નામથી જાણીતા જગતપતિ પરબ્રહ્મ પરમેશ્વર ભિન્ન ભિન્ન નથી. પરમાત્મા કોઈ એક પક્ષીય નથી એ તો સર્વ માનવના મૂળભૂત કારણ છે. એ જ બધાના માલિક છે, સ્વામી છે. તો પણ આપણે બધા અજ્ઞાનાન્ધકારમાં ફસાઈને એક પરમાત્માને જ જુદા જુદા બતાવી આપસમાં ઝઘડો કરીએ છીએ એ યોગ્ય નથી. શ્રી પ્રાણનાથજીની આ અમૂલ્ય વાણીની માર્મિકતાને સમજી વૈમનસ્યતા હટાવી વિશ્વપ્રેમની ભાવના જાગૃત કરવી અમારું કર્તવ્ય છે.

સંસારમાં એવો એક પણ માનવ નહીં હોય કે જે પ્રેમને ઇચ્છતો ન હોય, અહિંસા નહીં ઇચ્છતો હોય તથા સત્ય પણ નહીં ઇચ્છતો હોય. દરેક માનવ એ જ દિવ્ય પ્રેમ, સત્ય તથા અહિંસાનો ભૂખ્યો છે. તે સર્વના દિલનો અવાજ છે. છતાં પણ અમે તેને મેળવી શકતા નથી. તેનું બીજારોપણ આપણે પોતે જ કરવું પડશે. બાવળ વાવીને કેરીને ખાવા ઇચ્છીએ તે સંભવ નથી. કેરીની જ ગોટલી વાવવી પડશે. એ રીતે અમારે બીજાઓના પ્રેમ, સત્ય, અહિંસા વગેરેની અભિલાષા કરતાં પહેલાં અમારે એ વસ્તુઓ બીજાઓને આપવી પડશે. પછી જ તે ફરી અમારી પાસે આવી જશે.

જે દિવ્ય સત્તાને અમે પરમાત્મા કહીએ છીએ તેઓ પ્રેમના ભંડાર છે, સત્યના દિવ્યરૂપ છે. જ્ઞાનના ભંડાર છે જે અનંત અને અસીમ છે. **''સત્યંજ્ઞાનમનન્તં બ્રહ્મ''** એ પરમાત્માથી નિર્મિત આ સંસારરૂપી સુંદર પુષ્પ વાટિકામાં અનેક જાતના ખીલેલા અમે બધા માનવમાત્ર પુષ્પની જેમ છીએ.

---

# દાન

એ દાન અતિ અલ્પ છે, જે કેવળ તમારા સંગ્રહમાથી કાઢી આપો છો. જ્યારે તમારા જીવનમાંથી કાઢીને આપો, ત્યારે જ સાચું દાન થાય છે.

માગે ત્યારે આપવું તે સારું તો છે, પણ વગર માંગ્યે મનથી જાણી જોઈને આપવું એ ઉત્તમ અને એવું શું છે જે તમે રાખી મૂકો ? બધુંય એક દિવસ ચાલ્યું જ જવાનું છે.

ત્યારે આજે જ આપો, જેથી દાનની તક તમારી થાય. તમે ઘણીવાર કહો છો, હું આપું તો ખરો પણ માત્ર મારા સ્વજનોને. તમારી વાડીનાં વૃક્ષો એમ કહેતા નથી, નથી કહેતા એ તમારા નેસડાંમાંના ગાય, ઘેટાં-બકરાં. તેઓ આપે છે કેમ કે તેઓ જીવન ઇચ્છે છે. કારણ કે રાખી મૂકવું એટલે મૃત્યુ.

# મહારાજા શ્રી છત્રસાલજી

**ડૉ.ધનસુખભાઈ પ્રણામી - સંતરામપુર**

૬ મે ૧૬૪૯ માં એક અદ્‌ભૂત તેજસ્વી બાળકનો જન્મ થયો. પરંતુ ક્યાં ? ના કોઈ મહેલમાં, ના કોઈ ઘર-મકાન-ઝૂંપડામાં પરંતુ મહોબાની નજીક પહાડીઓ અને વનરાજીઓ વચ્ચે નિસર્ગની ગોદમાં. કેવા સંજોગો હતા ત્યારે ? વીરાંગના લાડકુંવરીનો પ્રસવકાળ નજીક હોઈ ઔરંગઝેબની સેનાથી લપાતા છુપાતા વીર ચંપતરાય એકાંત અને સુરક્ષિત લાગતા સ્થળે તેમને લઈ આવ્યા, પરંતુ મોગલ સૈન્યને ચુગલખોર દ્વારા માહિતી મળી જતાં આ પહાડીને ચારેબાજુથી ઘેરી લીધી. આ સમયે શૌર્યાત્મા વીર ચંપતરાયમાં અદમ્ય સાહસ શકિત અને હિંમતનો સંચાર થયો અને કોઈ અદશ્ય દૈવી શક્તિના સહારે લાલકુંવરીને ખભે ઊંચકીને આ પહાડી પરથી બીજી પહાડી પર મોરની જેમ જાણે ઊડીને અદશ્ય થઈ ગયા. જ્યાં આ અદ્‌ભુત તેજસ્વી બાળક એટલે કે આપણા છત્રસાલજીનો જન્મ થયો. આજે આ પહાડીને મોર પહાડી કહેવાય છે.

છત્રસાલજીના જીવનમાં અનેક ચમત્કારો થયા તેમાંનો એક ચમત્કાર એટલે મહામતિ શ્રી પ્રાણનાથજી સાથેની મુલાકાત. મહામતિએ તેમને ન કેવળ માર્ગદર્શન કે પ્રેરણા આપી પરંતુ આર્થિક, ભૌતિક અને આધ્યાત્મિક બંને રીતે સમૃદ્ધ કર્યા અને સફળતા પ્રાપ્તિ માટે નિશ્ચિતતાના આશીર્વાદ આપ્યા. આથી જ યુદ્ધ અવસરે પણ તેમના ચહેરા પર અને મનમાં શાંતિની સુખદાનુભૂતિ વર્તાતી હતી.

તન, મન અને ધન દરેક પ્રકારે છત્રસાલજી શ્રીજીને સમર્પિત હતા. મેરતાના રાજારામભાઈ જેવા સુંદરસાથ ધન અને મનથી સમર્પિત હતા. લાલદાસજી, નવરંગસ્વામી જેવા સુંદરસાથ તન મનથી સમર્પિત હતા. કેટલાક સુંદરસાથ ફક્ત મનથી સમર્પિત હતા. સફળતાનો યશ ગુરુને

આપતાં તેઓ કહેતા, મેં તો ફક્ત સમર્પણ કર્યું છે બાકી વિજય, સંપન્નતા કે યશ બધું ગુરુજીની પ્રસાદી જ છે. જેમકે,

**પહેલે દાતા હમ ભયે, ગુરુકો દિન્હો સીસ ।**
**પીછે દાતા સતગુરુ ભયે, સબ કુછ કિયો બક્ષીસ ॥**

ગુરુ ફોગટમા કાંઈ ના લેતાં શિષ્યને આશીર્વાદ આપી પ્રસન્ન રાખતા હોય છે. છત્રસાલજીના સમર્પણથી પ્રસન્ન ચિત્ત મહામતિ શ્રી પ્રાણનાથજી તેમને આશીર્વાદના રૂપમાં વરદાન આપે છે,

**છત્તા તેરે રાજમેં ધક ધક ધરતી હોય ।**
**જિત જિત ઘોડા મુહ કરે, તિત તિત ફત્તે હોય ॥**

છત્રસાલજીને ગુરુ કૃપાથી વિજય સરળ બન્યો અને પન્નાની ભૂમિ હીરામયી બની ગઈ. આજે પણ પન્નામાં હીરાની ખાણો આવેલી છે.

સમર્પણમાં સેવા ભળે એટલે સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. સમર્પણથી જે નમ્રતા આવે તે સેવાભાવથી દીપી ઊઠે. છત્રસાલજીમાં ગુરુસેવા પૂર્ણરૂપે વિકસિત હતી તેનું દિગ્દર્શન વીતક ગ્રંથોમાં સુપેરે જોઈ શકાય છે. સેવા, ઉદારતા, દયા, કરુણા અને નિઃસ્વાર્થતા જેવા ગુણોનું સ્વાભાવિક ઉપાર્જન કરતી હોય છે.

વૃત્તાંત મુક્તાવલીમાં, નોંધ છે કે ૫ હજાર પેદલ સૈન્ય અને ૩ હજાર ઘોડેસવાર મોગલો સામે ફક્ત એક જ હજાર ક્ષત્રિયો હતા. છતાં અદ્ભુત પરાક્રમ બતાવી જીત મેળવી.

આ લડાઈ બાદ રાણી દેવકુંવરી સહિત છત્રસાલજીએ શ્રીજી પાસે તારતમ ગ્રહણ કર્યું. પન્નામાં શ્રીજીને મળવા છત્રસાલજી આવ્યા ત્યારે શ્રીજીને ચોપડા હવેલીમાં લઈ જવા માટે તેમણે સ્વયં પાલખી ઉપાડીને સિંહાસન પર જવાના રસ્તે પોતાની પાઘડીનું પાથરણું કર્યું. ખૂટતી જગ્યાએ મઝલી રાણીએ પોતાની સાડીનું પાથરણું કર્યું.

ગુરુજી પ્રત્યેના સમર્પણ ભાવની આ અદ્ભૂત મિસાલ કહેવાય કેમ

કે પડદામાં રહેતી રાણી સાડી લાવીને પાવડો કરે અને જેની પાઘડી સ્વમાન અને ખુમારીના પ્રતિક રૂપ મસ્તકમાં જ ઉન્નત સ્થાને રહે, કોઈના ચરણોમાં તો નહીં જ, તેવા ક્ષત્રિય છત્રસાલજી પાઘડી પાથરીને પાવડો કરે અને ગુરુ આદરના નમૂનારૂપ સ્વયં પાલખી ઉપાડે તે કેટલી હદનો સમર્પિત ભક્તિ ભાવ કહેવાય !!

અહીં કવિ હૃદય છત્રસાલ શ્રીજીને સિંહાસન પર બેસાડીને પ્રથમ સ્તુતિ અને બાદમાં આરતી કરે છે,

**તન મન ધન આપ દિયો, કુલ કલત્ર સબ સાજ ।**
**કરી નિછાવર અરજ અતિ, સુફલ જનમ મો આજ ॥**
**એહિ ટીકા એહી પાવડો, એહિ નિછાવર આઈ ।**
**શ્રી પ્રાણનાથજીકે ચરણ પર, છત્તા બલિ બલિ જાય ॥**

શ્રીજીએ અહીં તેમને સત્તાવાર રાજવી તરીકે શિરે પાઘડી, કમરે તલવાર બંધાવી તિલક કરીને રાજા જાહેર કર્યા પછી તેમને સતત સફળતા મળતી જ રહી.

ધામગમનનો સમય નજીક આવતા શ્રીજીએ મઉમાં રહેલા છત્રસાલજીને બોલાવી લાવવા માટે માણસો મોકલ્યા. ઘોર અંધારી રાત, ધોધમાર વરસાદની પરવા કર્યા વગર ઘોડા ભલાભાઈને લઈને છત્રસાલજી નીકળી પડયા. બંને કાંઠે વહેતી નદીના અવરોધની પરવા કર્યા વગર ઘોડા સાથે ઝંપલાવ્યું. છત્રસાલજીના આગમન સમયે શ્રીજી અંતર્ધ્યાન થઈ ચૂક્યા હતા. ભગ્ન હૃદયી છત્રસાલજી ગુરુને ઉદ્દેશીને કહેવા લાગ્યા, મારી રાહ પણ ના જોઈ હું પણ તમારી પાછળ જ આવું છે. છત્રસાલ જેવી તલવાર મ્યાનમાંથી કાઢે છે, શ્રીજી બેઠા થઈ જાય છે અને પોતાની પીઠ બતાવતાં તેના પર પડેલાં ઘોડાના પગનાં નિશાન બતાવતાં કહે છે, જો હું તો તારી સાથે જ હતો, નદીમાં તણાઈ જતા ઘોડાને મેં જ મારી પીઠ પર સહારો આપ્યો હતો. તારે મારી સાથે આવવાનું નથી. મારા અધૂરા રહેલા કાર્યોને આગળ ધપાવવાના છે.

છત્રસાલજીએ ગુરુ આજ્ઞાનું પાલન કરતાં ધર્મ પ્રચાર પ્રસારનું ખૂબ કામ કર્યું. પંજાબ, બિહાર, નેપાળ, બંગાળ, ઉત્તર પ્રદેશ, ગુજરાત વગેર રાજ્યોમાં ધર્મપ્રચારક સંતોને મોકલ્યા.

૮૨ વર્ષની ઉંમરે પણ અદ્‌ભૂત સ્ફૂર્તિ ધરાવતા છત્રસાલજીની મુલાકાત એક દિવસ વૃંદાવનની યાત્રા કરી પરત ફરેલા યાત્રીઓ સાથે થઈ. સંઘ યાત્રીઓએ તેમને સંદેશો આપ્યો કે, અમોને એક મહાત્માજી મળ્યા હતા તેમણે કહેવરાવ્યું છે કે છત્રસાલજીને કહેશો કે ધૂણીની આગ ઠંડી થઈ રહી છે. છત્રસાલજીનો વૈરાગ હવે પૂર્ણતાને પામી ચૂક્યો હતો. તેમણે પોતાનાં ઘરેણાં અને વસ્ત્રો ઉતારીને મોતીબાગ ચબૂતરા પર મૂક્યાં અને જંગલ માર્ગે પગપાળા ચાલી નીકળ્યા. સ્વશાસન, રાજ્ય શાસન અને ધર્મશાસનનું અદ્‌ભુત સમન્વયાત્મક ઉદાહરણ જગતને ભેટ આપી એક વિરલ લોકચાહક, લોકનાયક અને લોકસંગ્રાહક આ જગતને છોડી અલખને પંથે વિદાય થયો.

નારદ દેવર્ષિ હતા, વશિષ્ઠ બ્રહ્મર્ષિ હતા, વિશ્વમિત્ર રાજર્ષિ હતા, પરંતુ આપણા છત્રાસાલજી તો રાજર્ષિ, બ્રહ્મર્ષિ અને દેવર્ષિ ત્રણેયનું તેજ પુંજ હતા. ॥ **પ્રણામ** ॥

---

# ગ્રાહકોને નમ્ર નિવેદન

**૧. આપે વાર્ષિક લવાજમ ભરેલું હોય તો વર્ષ પૂરું થયે તરત બીજા વર્ષે પત્રિકા ચાલ રાખવા લવાજમ મોકલવું. આપના ગ્રાહક (PGY.....) નંબર અવશ્ય લખવા.**

**૨. આપ નવા ગ્રાહક થયા હો તો લવાજમ ભર્યાના બીજા મહિનાની ૧૬ મી તારીખે આપને અંક રવાના કરવામાં આવશે.**

**૩. લવાજમ મોકલો ત્યારે પૂરું સરનામું, પિનકોડ, મોબાઈલ નંબર અને ગ્રાહક નંબર અવશ્ય લખવા.**

**૪. શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા સમયસર ન મળે તો નીચેના ફોન પર સંપર્ક કરવા વિનંતી. સંપર્ક - મોબાઈલ -** ૯૩૭૪૧૨૨૨૨૮, ૮૫૧૧૨૨૬૬૦૦

**(સમય સવારે ૦૯ થી સાંજે ૦૮ દરમિયાન ફોન કરવો)**

# શ્રી ૫ નવતનપુરી ધામમાં મે ૨૦૨૧ દરમ્યાન દાન ભેટ સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૪૬૬૩/- સંજય કપિલદેવસિંહ.

₹ ११०००/– मितुल चोथाणी – **मुम्बई**।

₹ ११०००/– श्री कृष्ण रामचन्द्र अग्रवाल – **पूना ( महाराष्ट्र )**।

₹ ૫૧૦૧/- કૃણાલ પરેશભાઈ કોરાટ - **રાજકોટ.**

₹ ૪૯૯૬/- અલ્પાબેન બિપિનભાઈ પટેલ - **આણંદ.**

₹ ૨૭૦૦/- પરમધામવાસી રમણભાઈ મગનભાઈ પટેલ - **વડોદરા.** હસ્તે : સંજયભાઈ.

₹ ૨૫૦૦/- રોહિત યુ. કાપડિયા - **અમદાવાદ.**

₹ ૨૫૦૦/- પરમધામવાસી જયશ્રીબેન કલ્પેશભાઈ પાનસુરીયા - **દાવલી.**
હસ્તે : કલ્પેશભાઈ ભીખાભાઈ પાનસુરીયા.

₹ ૧૩૦૦/- ભીમશીભાઈ રામશીભાઈ કનારા - **અખોદર.**

₹ ૧૩૦૦/- પરમધામવાસી નાથાભાઈ સીદાભાઈ કનારા - **અખોદર.** હસ્તે : ભીખાભાઈ.

## દાનભેટમાં ₹ ૧૧૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

૧) દિલીપભાઈ લલ્લુભાઈ જોટાંગિયા - **જામનગર.** ૨) રણમલભાઈ અરજણભાઈ સોલંકી - **માણાવદર.** ૩) દેવશ્યભાઈ મહેન્દ્રભાઈ ચેતનભાઈ નંદા - **જામનગર.** ૪) મનસુખભાઈ ધનજીભાઈ સંઘાણી - **જામનગર.** ૫) યોગેશકુમાર ધરમશીભાઈ. ૬) કેતનભાઈ વલ્લભભાઈ ભંડેરી - **માંડાસણ.**

## અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ - પાકી રસોઈની સેવા

₹ ૧૬૫૬૦/- પરમધામવાસી બિપિનભાઈ ધરમશીભાઈ વસોયા - **હર્ષદપુર.**
હસ્તે : ધરમશીભાઈ નરશીભાઈ વસોયા.

₹ ૧૧૬૨૫/- પરમધામવાસી અરવિંદભાઈ વેલજીભાઈ ડાંગરીયા - **હરિપર.**

₹ १०८४५/– पीयूष शांतिलाल जोबनपुत्रा – **सिकन्दराबाद**।

₹ ૧૦૫૦૦/- ચંદ્રસંગ ભીમસંગ સોલંકી - **કાનાલુસ.**

₹ १००२०/– देवाशिष पीयूषभाई जोबनपुत्रा – **सिकन्दरबाद**। हस्ते **:** पीयूषभाई।

₹ ૧૦૦૦૦/- પરમધામવાસી નંદુબેન કલ્યાણજીભાઈ ભટ્ટ - **ધ્રાફા.** હસ્તે : ચંદ્રિકાબેન.

₹ ૯૮૫૫/- પરમધામવાસી અનસૂયાબેન કાંતિલાલ ભંડેરી - **માંડાસણ.**
હસ્તે : દયાબેન તાળા.

₹ ૯૩૬૫/- પરમધામવાસી જિતેન્દ્ર વનરાવનદાસ ઉનડકટ - **વેરાવળ.**
હસ્તે : દિનેશભાઈ વનરાવનદાસ ઉનડકટ.

₹ ૯૩૦૦/- પરમધામવાસી માધાભાઈ જેરામભાઈ કોરાટ - **ખોખડદડ.**
હસ્તે : મહેશભાઈ માધાભાઈ કોરાટ.

₹ ૯૦૨૦/- પરમધામવાસી રૈયાભાઈ મૂળજીભાઈ કમાણી - **રાજકોટ.**
હસ્તે : કાંતિભાઈ શૈલેષભાઈ કમાણી.

₹ ૮૯૨૦/- પરમધામવાસી રાજેશભાઈ લાલજીભાઈ ચાંગાણી - **રાજકોટ.**
હસ્તે : રોહિત લાલજીભાઈ ચાંગાણી.

₹ ૮૫૪૫/- કમલેશભાઈ અમૃતલાલ જોબનપુત્રા - **રાજકોટ.**

₹ ८५२५/– लीलारामजी चौबीसा – **बडी विरवा ( राजस्थान )** ।

₹ ૮૫૦૫/- પરમધામવાસી રણછોડભાઈ પોપટભાઈ ટીલાડા - **નવીમેંગણી.**
હસ્તે : વિરેનભાઈ રણછોડભાઈ ટીલાડા.

₹ ૮૩૦૫/- પરમધામવાસી શાંતિભાઈ દામજીભાઈ નસિત - **જામનગર.**
હસ્તે : યશ શાંતિભાઈ નસિત.

₹ ૮૨૩૫/- પરમધામવાસી હંસરાજભાઈ દેવશીભાઈ વઘાશિયા - **રાજકોટ.**
હસ્તે : શૈલેષભાઈ વઘાશીયા.

₹ ૮૦૫૦/- પરમધામવાસી સાજણભાઈ રામશીભાઈ વસરા - **જામનગર.**
હસ્તે : કિશનભાઈ સાજણભાઈ વસરા.

₹ ૮૦૧૫/- પરમધામવાસી કિશોરભાઈ મોહનભાઈ સંઘાણી - **જામનગર.**

₹ ૭૯૫૫/- પરમધામવાસી ખીમાણંદભાઈ પરબતભાઈ સોલંકી - **બામણાસા.**
હસ્તે : હાજાભાઈ અને પરેશભાઈ હમીરભાઈ સોલંકી.

₹ ૭૯૫૦/- પરમધામવાસી હંસરાજભાઈ દેવશીભાઈ વઘાશિયા - **રાજકોટ.**
હસ્તે : શૈલેષભાઈ વઘાશીયા.

₹ ७९००/– परमधामवासी जयसुखलाल एम. ठक्कर – **हैदराबाद** ।

₹ ૭૪૫૦/–બ્રહ્મલીન આચાર્યશ્રી ૧૦૮ ઠાકુરદાસજી મહારાજ -
**શ્રી ૫ મહામંગલપુરી ધામ (સુરત).**

₹ ७४३०/– मनीषा पीयूष जोबनपुत्रा – **सिकंदराबाद** ।

# ફિક્સ રસોઈની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથ

૧. વલ્લભભાઈ હંસરાજભાઈ મુંગરા - **જામનગર.**

૨. પરમધામવાસી સરોજબેન રઘુભાઈ કોરાટ - **ખોખડદડ.** હસ્તે : વિપુલભાઈ કોરાટ.

૩. પરમધામવાસી લાખાભાઈ મેરામણભાઈ સોલંકી - **આંબલીયા(ઘેડ).**

૪. परमधामवासी रामा हिराजी साल्वे – उदयपुर (राज.) । हस्ते : कुरीबाई रामाजी साल्वे ।

૫. जश्मिन श्यामसुन्दर मित्तल – **अहमदाबाद** ।

૬. नाथाजी प्रेमजी पटेल – **बडी विरवा ( राजस्थान )** ।

૭. रामशंकर चौबीसा – **करवा ( राजस्थान )** ।

## સાદી રસોઈની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) મુકેશભાઈ વીરજીભાઈ સખીયા - **ઈશ્વરીયા.** ૨) પરમધામવાસી ઉષાબેન મનસુખભાઈ દૂધાગરા - **ઈશ્વરીયા.** ૩) પરમધામવાસી નાથાભાઈ સીદાભાઈ કનારા - **અખોદર.** હસ્તે : ભીખાભાઈ નાથાભાઈ કનારા. ૪) પરમધામવાસી રમણભાઈ મગનભાઈ પટેલ - **વડોદરા.** હસ્તે : સંજયભાઈ રમણભાઈ પટેલ. ૫) ભીમશીભાઈ રામશીભાઈ કનારા - **અખોદર.** ૬) નાથાભાઈ નારણભાઈ વસોયા - **હર્ષદપુર.** ૭) मांगीलाल गौतमलाल लोहार – **प्रतापगढ़ ( राजस्थान )** ।

## રાજભોગ(થાળભોગ)ની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી વેલુબેન ભીમજીભાઈ ભંડેરી - **માંડાસણ.** હસ્તે : સુરેશભાઈ ભીમજીભાઈ ભંડેરી અને રેનીશકુમાર સુરેશભાઈ ભંડેરી. ૨) પરમધામવાસી ભીમાભાઈ કારાભાઈ ખોડભાયા - **વેકરી.** હસ્તે : વીરાભાઈ અને રણમલભાઈ ખોડભાયા. ૩) ભીમશીભાઈ રામશીભાઈ કનારા - **અખોદર.** ૪) પરમધામવાસી લાખાભાઈ મેરામણભાઈ સોલંકી - **આંબલીયા(ઘેડ).** ૫) પરમધામવાસી નાથાભાઈ સીદાભાઈ કનારા - **અખોદર.** હસ્તે : ભીખાભાઈ નાથાભાઈ કનારા. ૬) પરમધામવાસી સાજણભાઈ રામશીભાઈ વસરા - **જામનગર.** હસ્તે- કિશનભાઈ સાજણભાઈ વસરા. ૭) પરમધામવાસી ખીમાણંદભાઈ પરબતભાઈ સોલંકી - **બામણાસા.** હસ્તે : હાજાભાઈ અને ભીમશીભાઈ ખીમાણંદભાઈ સોલંકી અને પરેશભાઈ હમીરભાઈ સોલંકી. ૮) પરમધામવાસી વેજીબેન નાથાભાઈ વશરા - **કટવાણા (પોરબંદર).** હસ્તે : જગમાલભાઈ નાથાભાઈ વસરા. ૯) પરમધામવાસી કેશુભાઈ પાચાભાઈ રાખોલીયા - **તરસિંગડા.** હસ્તે : ભૌતિકભાઈ કેશુભાઈ

રાખોલીયા. ૧૦) પરબતભાઈ ખીમાણંદભાઈ સોલંકી - **મેંદરડા**. હસ્તે : મેણસીભાઈ ખીમાણંદભાઈ સોલંકી. ૧૧) રમીલાબેન અમૃતલાલ ભાવસાર - **મુંબઈ**. ૧૨) પરમધામવાસી ઓચ્છવલાલ ગાંડલાલ શાહ - **મુંબઈ**. ૧૩) ગીતાબેન જગદીશભાઈ ભંડેરી - **જામનગર**. ૧૪) પરમધામવાસી રમણભાઈ મગનભાઈ પટેલ - **વડોદરા**. હસ્તે : સંજયભાઈ રમણભાઈ પટેલ. ૧૫) પ્રેમજીભાઈ પરબતભાઈ રૂડાણી - **કચ્છ**. ૧૬) અભયભાઈ જેન્તીભાઈ પડાલીયા - **ગોંડલ**. ૧૭) ચેતનાબેન ચંદ્રેશભાઈ ઘેલાણી - **રાજકોટ**. ૧૮) હિરેનભાઈ સુદાણી - **રાજકોટ**. ૧૯) પરમધામવાસી ડાહ્યાભાઈ ગોવિંદભાઈ પટેલ - **ગોધરા**. ૨૦) હિરલબેન રાજાભાઈ રામ - **ગોંડલ**. ૨૧) નારણભાઈ વજસીભાઈ મારુ - **જુનાગઢ**. ૨૨) નીતિનભાઈ ગોરધનભાઈ પાનખાણિયા - **અમદાવાદ**. ૨૩) કુસુમબેન રતિલાલ પંડ્યા - **રાજકોટ**. ૨૪)પરમધામવાસી રમેશભાઈ ત્રિકમભાઈ ગઢીયા - **પોરબંદર**. ૨૫) સપના સંજીવભાઈ પટેલ - **જામનગર**. ૨૬) परमधामवासी रामा हीराजी साल्वे - उदयपुर (राजस्थान) । हस्ते **:** कुरीबाई रामाजी साल्वे । (दश राजभोगकी सेवा) ।

## ગોટા પારાયણની સેવા ₹ ૨૫૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી ભીખાભાઈ રામજીભાઈ બુસા - **પીપરટોડા**. ૨) ચંદ્રસંગ ભીમસંગ સોલંકી - **કાનાલુસ**. ૩) પરમધામવાસી વેજીબેન નાથાભાઈ વસરા - **કટવાણા(પોરબંદર)**. હસ્તે : જગમાલભાઈ નાથાભાઈ વસરા. ૪) પરમધામવાસી અરવિંદભાઈ વેલજીભાઈ ડાંગરીયા - **હરિપર**. ૫) પરમધામવાસી પ્રતિમાબેન ધનસુખભાઈ ભાવસાર - **વાપી**. ૬) પરમધામવાસી રૈયાભાઈ મૂળજીભાઈ કમાણી - **રાજકોટ**. હસ્તે : કાંતિભાઈ શૈલેષભાઈ કમાણી. ૭) પરમધામવાસી અનસૂયાબેન કાંતિલાલ ભંડેરી - **માંડાસણ**. હસ્તે : દયાબેન તાળા. ૮) પરમધામવાસી કેશુભાઈ પાચાભાઈ રાખોલીયા - **તરસિંગડા**. હસ્તે : ભૌતિકભાઈ કેશુભાઈ રાખોલીયા. ૯) પરમધામવાસી રમેશભાઈ વિઠ્ઠલભાઈ અટારા - **હર્ષદપુર**. હસ્તે : અશોકભાઈ વિઠ્ઠલભાઈ અટારા. ૧૦) પરમધામવાસી જ્યોત્સનાબેન રાજેશભાઈ ભાવસાર - **સંજાણ**. હસ્તે : વિશાલભાઈ રાજેન્દ્રભાઈ ભાવસાર. ૧૧) પરમધામવાસી રાજેશભાઈ લાલજીભાઈ ચાંગાણી - **રાજકોટ**. હસ્તે : રોહિત લાલજીભાઈ ચાંગાણી (બે ગોટા પારાયણ). ૧૨) પરબતભાઈ ખીમાણંદભાઈ સોલંકી - **મેંદરડા**. હસ્તે : મેણસીભાઈ ખીમાણંદભાઈ સોલંકી. ૧૩) પરમધામવાસી મહેશભાઈ ગોકળભાઈ ભંડેરી - **જામનગર**. ૧૪) કનકરાય વ્યાસ - **જામનગર**. ૧૫) રમીલાબેન અમૃતલાલ

ભાવસાર - **મુંબઈ**. ૧૬) પરમધામવાસી પટેલ જયેશકુમાર ભગવાનદાસ - **સિંગા(સાબરકાંઠા)**. હસ્તે : રાજેશકુમાર ભગવાનદાસ પટેલ. ૧૭) પરમધામવાસી ડાહીબેન મૂળજીભાઈ પંડ્યા - **વાવડી(હિંમતનગર)**. ૧૮) પરમધામવાસી પંડ્યા દિનેશભાઈ જીવરામભાઈ - **તાજપુર (સાબરકાંઠા)**. ૧૯) પરમધામવાસી ડાહ્યાભાઈ ઘેલાભાઈ ભાવસાર - **વલસાડ**. હસ્તે - માધુરીબેન ડાહ્યાભાઈ ભાવસાર. ૨૦) પરમધામવાસી કલ્પેશકુમાર પ્રેમચંદ ભાવસાર - **બીલીમોરા**. ૨૧) પરમધામવાસી લીલા નારાયણ ચૌહાણ - **બિલાસપુર**. હસ્તે - સુનિલ નારાયણ ચૌહાણ. ૨૨) પરમધામવાસી વેજીબેન પરબતભાઈ બેરા - **મોટી ઘસારી**. ૨૩) પરમધામવાસી ઉષાબેન મનસુખભાઈ દૂધાગરા - **ઈશ્વરીયા**. ૨૪) હંસાબેન દીપકભાઈ પંડ્યા - **નડિયાદ**. હસ્તે : દીપકભાઈ પંડ્યા. ૨૫) પરમધામવાસી દિગેશભાઈ બાબુભાઈ ભાવસાર - **વલસાડ**. ૨૬) પરમધામવાસી પાર્વતીબેન યોગેશભાઈ પંડયા - **હિંમતનગર**. હસ્તે : યોગેશભાઈ ગિરધરભાઈ પંડયા. ૨૭) પરમધામવાસી નાથાભાઈ સીદાભાઈ કનારા - **અખોદર**. હસ્તે : ભીખાભાઈ નાથાભાઈ કનારા. ૨૮) પરમધામવાસી શ્રી શ્યામશરણજી મહારાજ - **સુંદલપુરા**. હસ્તે : મહેન્દ્ર શર્મા. ૨૯) પરમધામવાસી મંજુલાબેન અરવિંદભાઈ મોદી - **સુરત**. ૩૦) ભીમશીભાઈ રામશીભાઈ કનારા - **અખોદર**.૩૧) પરમધામવાસી વેલુબેન ભીમજીભાઈ ભંડેરી - **માંડાસણ**. હસ્તે : સુરેશભાઈ ભીમજીભાઈ ભંડેરી અને રેનીશકુમાર સુરેશભાઈ ભંડેરી. ३२) सुरेन्द्र अग्रवाल – **काठमाडौं ( नेपाल )**।

## સાપ્તાહિક પારાયણની સેવા ₹ ૨૧૦૦/ આપનાર સુંદરસાથજી

**૧**) પરમધામવાસી ઓચ્છવલાલ ગાંડલાલ શાહ - **મુંબઈ**. **૨**) પરમધામવાસી જિતેન્દ્ર વનરાવનદાસ ઉનડકટ - **વેરાવળ.** હસ્તે : દિનેશભાઈ વનરાવનદાસ ઉનડકટ. **૩**) પરમધામવાસી સાજણભાઈ રામશીભાઈ વસરા - **જામનગર**. હસ્તે : કિશનભાઈ સાજણભાઈ વસરા. **૪**) મહેર જિજ્ઞેશ ગાંધી - **નવસારી**. હસ્તે : મનીષાબેન ભાવસાર. **૫**) પરમધામવાસી ખીમાણંદભાઈ પરબતભાઈ સોલંકી - **બામણાસા**. હસ્તે : હાજાભાઈ અને ભીમશીભાઈ ખીમાણંદભાઈ સોલંકી અને પરેશભાઈ હમીરભાઈ સોલંકી . **૬**) પરમધામવાસી જીવીબેન મણિભાઈ પટેલ - **ઝંડા(કપડવંજ)**. હસ્તે : મહેદ્રભાઈ પ્રવીણભાઈ પટેલ. **૭**) પરમધામવાસી ધીરાબેન ધરણાતભાઈ રાજડિયા - **સરોડ(કેશોદ)**. **૮**) પરમધામવાસી હરગોવિંદભાઈ નારણભાઈ પટેલ - **ઝંડા**. **૯**) પરમધામવાસી ગોવિંદભાઈ ભગાભાઈ પ્રણામી -

**ત્રિકમપુર.** હસ્તે : જગદીશભાઈ, અશોકભાઈ અને હિરેનભાઈ ગોવિંદભાઈ પ્રણામી. ૧૦) પરમધામવાસી રોહિતભાઈ હિરજીભાઈ પરમાર - **અંજાર(કચ્છ).** હસ્તે : શેખર રોહિતભાઈ પરમાર. **૧૧)** પરમધામવાસી દક્ષાબેન નિમેષભાઈ ભાવસાર - **ગણદેવી.** હસ્તે : હાર્દિકાબેન બ્રિજેશભાઈ ભાવસાર. **૧૨)** પરમધામવાસી નિમેષભાઈ ચંપકભાઈ ભાવસાર - **ગણદેવી.** હસ્તે : હાર્દિકાબેન બ્રિજેશભાઈ ભાવસાર. **૧૩)** પરમધામવાસી ધીરીબેન ધરણાતભાઈ રાજડિયા - **સરોડ.** હસ્તે : અરજણભાઈ કરશનભાઈ મારુ (સમેગા). **૧૪)** પરમધામવાસી પટેલ મગનભાઈ મોતીભાઈ - **અમદાવાદ.** હસ્તે : જ્યોત્સનાબેન નિમેષભાઈ પટેલ. **૧૫)** પરમધામવાસી કડવીબેન અરશીભાઈ ખોડભાયા - **વેકરી.** હસ્તે : પાલાભાઈ અરશીભાઈ ખોડભાયા. **૧૬)** પરમધામવાસી સવિતાબેન સોમાભાઈ પટેલ - **ઝંડા.** હસ્તે : શૈલેષકુમાર સોમાભાઈ પટેલ. **૧૭)** પરમધામવાસી વણકર લવજીભાઈ રૂપાભાઈ - **રિછવાડ.** હસ્તે : કિરણબેન ભાવેશકુમાર પાટિલ અને સોનલબેન હેમંતકુમાર પ્રણામી. **૧૮)** પરમધામવાસી જમનાબેન માધવભાઈ પંડ્યા - **બીમળીયા(ખાનપુર).** હસ્તે : ઉમંગભાઈ પંડ્યા. **૧૯)** પરમધામવાસી ભાવનાબેન હરદાસભાઈ ગોઢાણીયા - **જૂનાગઢ.** ૨૦) પરમધામવાસી લાખાભાઈ મેરામણભાઈ સોલંકી - **આંબલીયા(ઘેડ).** ૨૧) પરમધામવાસી રમણભાઈ મગનભાઈ પટેલ - **વડોદરા.** હસ્તે : સંજયભાઈ રમણભાઈ પટેલ. ૨૨) પરમધામવાસી મંજુલાબેન રમેશભાઈ પરમાર - **મોડાસા.** હસ્તે : રમેશભાઈ નાનાભાઈ પરમાર. ૨૩) દેવેન્દ્રકુમાર વિઠ્ઠલભાઈ પટેલ - **અમદાવાદ.** ૨૪) નિપૂર્ણા દેવેન્દ્રભાઈ પટેલ - **અમદાવાદ.** ૨૫) પરમધામવાસી ભીમાભાઈ કારાભાઈ ખોડભાયા - **વેકરી.** હસ્તે : વીરાભાઈ અને રણમલભાઈ ખોડભાયા. **२६ )** परमधामवासी जयसुखलाल एम. ठक्कर – हैदराबाद। **२७ )** परमधामवासी रामा हीराजी साल्वे – **उदयपुर ( राजस्थान )**। हस्ते **:** कुरीबाई रामाजी साल्वे।

## કોઠારની સેવા ₹ ૨૬૦૦/આપનાર સુંદરસાથ

जगन छाबरा – **दिल्ली।**

## અખંડ દીપકની સેવા ₹ ૧૧૦૦/ આપનાર સુંદરસાથજી

પરમધામવાસી કિશોરભાઈ(ગુલાબભાઈ) મોહનભાઈ સંઘાણીની સ્મૃતિમાં - **જામનગર.** હસ્તે : મયૂરીબેન પીયૂષભાઈ વર્ષાણી(પાંચ અખંડ દીપકની સેવા).

## અખંડ પારાયણની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી સરોજબેન રઘુભાઈ કોરાટ - **ખોખડદડ.** હસ્તે : વિપુલભાઈ રઘુભાઈ કોરાટ. ૨) પરમધામવાસી હંસરાજભાઈ દેવશીભાઈ વઘાશિયા - **રાજકોટ.** હસ્તે : શૈલેષભાઈ વઘાશીયા. ૩) પરમધામવાસી કાંતિભાઈ પુંજાભાઈ પટેલ - **મોયદ.** હસ્તે : નરેશભાઈ કાંતિભાઈ પટેલ. ૪) પરમધામવાસી અમરસિંહ માનસિંહ વાઘેલા - **ચકલાસી(નડિયાદ).**

## પાંચ આરતીની સેવા ₹ ૧૫૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

પરમધામવાસી કિશોરભાઈ(ગુલાબભાઈ) મોહનભાઈ સંઘાણીની સ્મૃતિમાં - **જામનગર.** હસ્તે : મયૂરીબેન પિયૂષભાઈ વર્ષાણી.

## અલ્પાહારની સેવા ₹ ૨૧૦૦/આપનાર સુંદરસાથ

૧)જસ્મિન શ્યામસુંદર મિત્તલ - **અમદાવાદ.** ૨) પરમધામવાસી હંસરાજભાઈ દેવશીભાઈ વઘાશિયા - **રાજકોટ.** હસ્તે : શૈલેષભાઈ વઘાશીયા.

## ધ્વજાની સેવા ₹ ૫૧૦૦/ આપનાર સુંદરસાથજી

પરમધામવાસી બિપિનભાઈ ધરમશીભાઈ વસોયા - **હર્ષદપુર.** હસ્તે : ધરમશીભાઈ.

## મહેર સાગરની સેવા ₹ ૧૧૦૦/- ની સેવા આપનાર સુંદરસાથ

૧) શ્રી બલદેવ પ્રસાદ સોની - **ઈકોના બજાર.** ૨) રાજેશ ગૌરીશંકર બારોટ - **જામનગર. (ચાર વાર મહેર સાગર તથા ૨૧૦૦૦[૩] નિજનામ જાપની સેવા).**

## કાયમી તિથિની સેવા ₹ ૧૧૦૦૦/ આપનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી અવિચલભાઈ નરસીભાઈ ગજેરા.
હસ્તે : કીર્તિભાઈ અવિચલભાઈ ગજેરા અને અલ્પેશભાઈ અવિચળભાઈ ગજેરા.

૨) પરમધામવાસી ભગવાનજીભાઈ તુલસીદાસ અનમ
(હોટલ અનમવાળા) - **ભુજ(કચ્છ).**

# ગૌશાળાની સેવા

## એક ગાયની સેવા ₹ ૧૫૦૦૦/- આપી ગોદાન કરનાર સુંદરસાથજી

૧) પરમધામવાસી ચેતનભાઈ મહેન્દ્રભાઈ નંદા - **જામનગર.**
હસ્તે- દેવશ્યભાઈ ચેતનભાઈ મહેદ્રભાઈ નંદા.

૨) ભાવિન નારણભાઈ મારુ અને સમગ્ર પરિવાર - **સમેગા.**

## ઘાસચારો, કપાસિયા, ભૂસો, ખોળ અને લાડુની સેવા આપનાર સુંદરસાથ

₹ ૧૧૦૦૦/- રાજેન્દ્રસિંહ ગોધારા - બીકાનેર(રાજસ્થાન).

₹ ૫૧૦૦/- રમેશભાઈ ઠાકરસીભાઈ વેકરીયા - **રાજકોટ**.

₹ ૫૦૦૦/- ડૉ. પ્રવીણચંદ્ર સી. પરીખ - **અમદાવાદ**.

₹ ૪૯૦૦/- परमधामवासी रामा हीराजी साल्वे – **उदयपुर ( राजस्थान )**।

हस्ते : कुरीबाई रामाजी साल्वे ।

₹ ૪૦૦૦/- પરમધામવાસી રાજેશભાઈ લાલજીભાઈ ચાંગાણી - **રાજકોટ**.
હસ્તે : રોહિત લાલજીભાઈ ચાંગાણી.

₹ ૨૫૦૦/- પરમધામવાસી ગોવિંદભાઈ લક્ષ્મણભાઈ સિદપરા - **નવી મેંગણી**.

₹ ૨૫૦૦/- પરમધામવાસી અશોકભાઈ રવજીભાઈ સિદપરા - **નવીમેંગણી**.

₹ ૨૫૦૦/- પરમધામવાસી અરવિંદભાઈ વેલજીભાઈ ડાંગરીયા - **હરિપર**.

₹ ૨૫૦૦/- પરમધામવાસી શ્રી વિરજીભાઈ હરિભાઈ કપોપરા - **અમદાવાદ**.
હસ્તે : કાંતિભાઈ, ચન્દ્રેશભાઈ,અપૂર્વભાઈ, નિકુંજ અને જયેશ કપોપરા.

# શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકાની સાહિત્ય સેવા

**શંભુપરા :** ધર્મજ્ઞા શ્રીમતી જયાબેન અવિચળભાઈ ગજેરા તરફથી કપાસનો પાક સારો થયો તેની ખુશીમાં પત્રિકાની સાહિત્ય સેવામાં ૨૧૦૦/ ભેટ મળી છે.

**રાજકોટ :** ધર્મજ્ઞશ્રી કમલેશભાઈ અમૃતલાલ જોબનપુત્રા તરફથી તેમની સુપુત્રી ચિ. અંકિતના શુભલગ્ન(તા. ૨૫/૦૪/૨૦૨૧) પ્રસંગે અને ચિ. હર્ષ કમલેશભાઈ તથા ચિ. જૈનિશ મનીષભાઈના યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે સાહિત્ય સેવામાં ૧૧૧૧/ પ્રાપ્ત થયા છે. નવદંપતિ તથા બન્ને બટુકોને શુભાશિષ.

## ₹ ૫૦૧/

**લાલબારી** : શ્રી અમૃતભાઈ કાંતિલાલ તારપરાની મેરેજ એનિવર્સરી(લગ્નની વર્ષગાંઠ)ની ખુશી પ્રસંગે ભેટ મળી છે.

**રાજકોટ** : ધામવાસી નંદુબેન કલ્યાણજીભાઈ ભટ્ટની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે ભેટ.

**રાજકોટ** : જાનકીબેન લલિતભાઈ જોબનપુત્રાના શુભલગ્ન પ્રસંગે ભેટ. નવદંપતિને હાર્દિક શુભકામના.

**રાજકોટ** : પ્રભુદાસભાઈ રામજીભાઈ જોબનપુત્રાની મનોકામના પૂર્ણ થતાં મંદિરે દર્શન કરવા આવ્યાની ખુશી પ્રસંગે ભેટ.

**જામનગર** : ધર્મજ્ઞશ્રી રવજીભાઈ નારણભાઈ ભંડેરી તરફથી ચિ. **હર્ષ**ના જન્મદિન (તારીખ ૩૧/૦૫/૨૦૨૧) પ્રસંગે ભેટ. ચિ. હર્ષને જન્મદિવસની શુભકામના.

**રાજકોટ** : ધર્મજ્ઞશ્રી ચંદુલાલ જગજીવનભાઈ પીઠડિયાના સુપુત્ર ચિ. ઉમંગ-કુંજનના લગ્નની વર્ષગાંઠ નિમિત્તે પત્રિકાની સાહિત્ય સેવામાં ભેટ મળી છે.

**ઉપરોક્ત સર્વે સુંદરસાથજીને ધન્યવાદ. આપ સર્વે પર શ્રી રાજશ્યામાજીની સદા મહેર રહે અને આપની ધાર્મિક ભાવનામાં અભિવૃદ્ધિ થતી રહે એવા શ્રી ૫ નવતનપુરી ધામના શુભાશિષ તેમજ આચાર્ય શ્રી૧૦૮ કૃષ્ણમણિજી મહારાજ તરફથી હાર્દિક શુભકામના.**

# પરમધામ ગમન

**કટવાણા(કુતિયાણા)** : વજીબેન નાથાભાઈ વસરાનું તારીખ ૦૫/૦૫/૨૦૨૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમની પાવન સ્મૃતિમા મંદિરમાં ગોટા પારાયણ, રાજભોગ કરાવી સાહિત્ય સેવામાં ૫૦૦/ ભેટ મોકલી છે.

**આંબલિયા(ઘેડ) :** લાખાભાઈ મેરામણભાઈ સોલંકીનું તારીખ ૧૧/૦૫/૨૦૨૧ ના રોજ ધામગમન થયેલ છે. તેમના આત્મકલ્યાણાર્થે રાજભોગ, રસોઈ એવં સાપ્તાહિક પારાયણ કરાવી તે પ્રસંગે સાહિત્ય સેવામાં ૫૦૧/ ભેટ મળી છે. હસ્તે : પરબતભાઈ અરસીભાઈ સોલંકી.

**ઉપરોક્ત ગતાત્માને શ્રી રાજશ્યામાજી પોતાના નિજ ચરણોમાં સ્થાન આપી શાશ્વત મુક્તિ પ્રદાન કરે તથા તેમના પરિવારજનોને તેઓનું વિરહજન્ય દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એવી અભ્યર્થના.**

---

# શ્રી ૫ નવતનપુરી ધામ-જામનગર (વિવિધ સેવા)

## પારાયણ

| | | |
|---|---|---|
| ૧. ત્રિ-દિવસીય (અખંડ) | ₹ | ૫૧૦૦/- |
| ૨. એક દિવસીય (ગોટા) | ₹ | ૨૫૦૦/- |
| ૩. સાત દિવસીય (સાપ્તાહિક) | ₹ | ૨૧૦૦/- |
| ૪. મહેર સાગરના ૧૦૮ પાઠ | ₹ | ૧૧૦૦/- |
| ૫. વિરહના ૬ પ્રકરણોના ૧૦૮ પાઠ | ₹ | ૫૫૧/- |

## શ્રી રાજશ્યામાજી માટે ભોગ-આરતીની સેવા

| | | |
|---|---|---|
| ૧. દર વર્ષે જન્મ તિથિ / પુણ્ય તિથિ(કાયમી તિથિ) | ₹ | ૧૧૦૦૦/- |
| ૨. પાંચ આરતી માટે ઘીની સેવા (માસિક) | ₹ | ૧૫૦૦/- |
| ૩. શ્રી રાજશ્યામાજી માટે અખંડ દીપકની સેવા | ₹ | ૧૧૦૦/- |
| ૪. શ્રી રાજશ્યામાજી માટે રાજભોગ (દૈનિક) | ₹ | ૧૧૦૦/- |
| ૫. શ્રી રાજશ્યામાજી માટે બાલભોગ (દૈનિક) | ₹ | ૫૦૦/- |
| ૬. માનતાના માટે પ્રાર્થના સેવા(દૈનિક) | ₹ | ૫૦૦/- |

## રસોઈ (ભોજન-ભંડારા) તથા અલ્પાહારની સેવા

૧. પાકી રસોઈ અને ખાસ નાસ્તોમાં વસ્તુ, પ્રકાર અને માત્રા પ્રમાણે ખર્ચ થાય છે.

| | | |
|---|---|---|
| ૨. સુનિશ્ચિત પાકી રસોઈ (મેવા મિષ્ટાન્ન સહિત) | ₹ | ૧૧૦૦૦/- |
| ૩. સુનિશ્ચિત સાદી રસોઈ (મેવા મિષ્ટાન્ન બિના) | ₹ | ૫૧૦૦/- |
| ૪. અલ્પાહાર તથા જલપાન (સામાન્ય) | ₹ | ૨૧૦૦/- |

## શ્રી કૃષ્ણ પ્રણામી ઔષધાલય

| | | |
|---|---|---|
| ૧. મેડિકલ (શિબિર) કેમ્પ(એક કેમ્પ) | ₹ | ૧૧૦૦૦/- |
| ૨. ઔષધાલયની સેવા (પ્રતિ દિન) | ₹ | ૧૧૦૦/- |
| ૩. મંદિરના શિખર પર ધ્વજા ચઢાવવાની સેવા | ₹ | ૫૧૦૦/- |
| ૪. સાધુ, સંત તથા વિદ્યાર્થી સહાય કોષ (ન્યૂનતમ) | ₹ | ૧૧૦૦/- |

## ગાય દાન સેવા

| | | |
|---|---|---|
| ૧. દૂધ દેવાવાળી ગાય (એક) | ₹ | ૧૫૦૦૦/- |
| ૨. નાની બાછડી (એક) | ₹ | ૭૫૦૦/- |
| ૩. ગૌશાલાના એક દિવસનો તમામ ખર્ચ | ₹ | ૧૧૦૦૦/- |

## શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પત્રિકા

| | | |
|---|---|---|
| ૧. પ્રકાશનની સેવા (એક મહિનાની) | ₹ | ૩૦,૦૦૦/- |
| ૨. સદસ્યતા શુલ્ક (૧૫ વર્ષીય) | ₹ | ૧૫૦૦/- |
| ૩. સદસ્યતા શુલ્ક (૧ વર્ષીય) | ₹ | ૧૫૦/- |

**ઉપર આપેલી કોઈપણ સેવા કરવવા ઈચ્છતા હોય તો નીચે આપેલા બેંક ખાતામાં પોતાની રકમ જમા કરાવી કાર્યલયમાં સૂચના આપવી.**

Contact & whatsapp number : 8511226600 & 8511446600

## श्री ५ नवतनपुरी धाम खीजडा मन्दिर ट्रस्ट

***: DONATION GIVEN FROM INDIA :***

**(1)**

**SHRI 5 NAVTANPURI DHAM KHIJDA MANDIR TRUST**

**BANK OF BARODA A/c NO: 03680100017612**

IFSC : BARB0DIGVIJ

DIGVIJAY PLOT - JAMNAGAR - 361005

**(2)**

**SHRI 5 NAVTANPURI DHAM KHIJDA MANDIR TRUST**

**HDFC BANK A/c NO: 50100010195952**

IFSC : HDFC0000569

GROUND FLOOR, YOGESHWER, OSWAL COLONY - 2

RANJITNAGA R- JAMNGAR - 361005

**(3)**

**SHRI PANCH NAVTANPURI DHAM KHIJDA MANDIR TRUST**

**ICICI BANK A/c NO: 348601000410**

IFSC: ICIC0003486 HIRJI MISTRI ROAD BRANCH,
GRAOUND FLOOR,SHOP 02,OPP:PRANAMI SCHOOL,
HIRJI MISTRI ROAD, JAMNAGAR - 361004

**(Note : Trust has received provisional Approval no : AAAT-P1930CE20214 Under Section 80G(5) of the Income tax act 1961 and certificate issued by Principal Commissioner of Income Tax For the Period 1/4/2021 to 31/3/2026 Trust Reg. no Is A/191/ Jamnagar and its PAN AAATP1930C)**

**ખાસ અગત્યની સૂચના**

**શ્રી ૫ નવતનપુરીધામ ખીજડા મંદિર ટ્રસ્ટ, જામનગરને આપવામાં આવતી દાનની રકમ ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ ની કલમ ૮૦(જી)(૫) અન્વયે આ ટ્રસ્ટને પ્રિન્સીપલ કમિશ્નર ઑફ ઈન્કમટેક્ષ તરફથી પ્રોવિઝનલ એપ્રુવલ નંબર AAATP1930CE20214 મળેલ છે. જેથી આ સંસ્થામાં તારીખ ૦૧/૦૪/૨૦૨૧ થી આપવામા આવેલી દાનની રકમ કલમ ૮૦(જી)(૫) અન્વયે ઈન્કમ ટેક્સમાંથી માફીને પાત્ર છે.**

## *For out of India Donors (FCRA)*

**NAME : SHRI PANCH NAVTANPURI DHAM KHIJDA MANDIR TRUST**
**ACCOUNT NO. : 40124673911**
BRANCH CODE : 00691, IFSC : SBIN0000691
SWIFT : SBININBB104, ADDRESS : FCRA CELL,
4TH FLOOR, SBI, NEW, DELHI MAIN BRANCH
11 SANSAD MARG, NEW DELHI – 110001

## ''શ્રી ૫ નવતનપુરી ધામ ગૌશાળા ટ્રસ્ટ''

**"Shri 5 Navtanpuri Dham Gaushala Trust"**
**Yes Bank Ltd A/c No: 053394600001210**
IFSC : YESB0000533
Park colony, near Jogger's Park-Jamnagar

## ''પ્રણામી ધર્મ પત્રિકા''

**NAME : "Pranami Dharma Patrika"**
**Bank : Bank Of India**
**Account No. : 325010100026614**
**IFSC: BKID0003250**
**Branch : Ranjit Road**
**City : Jamnagar**



श्री ५ नवतनपुरी धाम संचालित प्रणामी ग्लोबल स्कूलमें कोरोना टीकाकरणका दूसरा कार्यक्रम संपन ।

## हार्दिक श्रद्धाञ्जलि



भूज (कच्छ) निवासी धर्मनिष्ठ सुंदरसाथ श्री भगवानभाई तुलसीदास अनमका दिनांक १७/०५/२०२१ को धामगमन हुआ है । वे श्री ५ नवतनपुरी धामकी सेवमें सदैव तत्पर रहते थे । उनके स्मरणमें उनकी सुपुत्रियोंसे पत्रिकके इस अंकके प्रकाशनमें आंशिक सौजन्य प्राप्त हुआ है । पूर्णब्रम्ह परमात्मा अक्षरातीत श्री कृष्णजी धामधनी श्री राजजी उनकी आत्मको अपने श्री चरणोंमें स्थान दें ऐसी प्रार्थना । समग्र परिवारको श्री ५ नवतनपुरी धाम तथा परम पूज्य आचार्य महाराजश्री के आशीर्वाद ।



श्री ५ नवतनपुरी धाममें पारायण एवं भोजन व्यवस्थाके दृश्य ।




उद्घाटन समारोह, चरोतर गैस स्टेसन, आनन्द ।